આંક :

દાખલ તારીખ :૭/૮/૨૦૦૪

નોંધ્યા તારીખ :૭/૮/૨૦૦૪

ફેસલ તારીખ :૩૧/૭/૨૦૨૫

**રાજકોટનાં મ્હે. ૧૬માં એડી.ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ સાહેબશ્રી ની કોર્ટમાં.**

---

**ફોજદારી કેસ નં.૭૨૦૬/૨૦૦૪**

**શ્રી સ ર કા ર ..... ફરિયાદી**

**-: વિરૂધ્ધ :-**

**જયંતીભાઈ જીવણભાઈ વાઘેલા**
રહે.સુભાષનગર શેરી નં.૧૦,
''શૈલેષ'' આમ્રપાલી સીનેમા પાસે,
રાજકોટ. ..... **આરોપી**

**ગુનો :- ઈ. પી. કોડની કલમ-૩૫૪, ૪૫૨ મુજબ.**

::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

**ફરિયાદપક્ષ તર્ફે :- વિ. એ.પી.પી.શ્રી એચ.એસ.રાંક**
**બચાવપક્ષ તર્ફે :- વિ. વકીલ શ્રી -**

::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

**-: ચુ કા દો :-**

૧. ફરિયાદપક્ષના કેસની ટુંક હકીકત એવી છે કે, તા.૮/૬/૨૦૦૪ ના સાંજના સાતેક વાગ્યાના અરસામા સુભાષનગર શેરી નં.૧૦, ધ્વારકેશ મકાન, રાજકોટ મુકામે આ કામના ફરિયાદી કિશોરભાઈ વિઠલદાસ સંપટ ની પુત્રી સાહેદ ડીમ્બીને કિશોરભાઈ સંપટ ઉ.વ.૧૪ ની ઘરે એકલી હોય ત્યારે આરોપીએ ફરિયાદીના ઘરમાં ગેરકાયદેસર ગૃહપ્રવેશ કરી, શરીરે અડપલા કરી, શારીરિક છેડછાડ કરી ઈ. પી. કોડ કલમ-૩૫૪, ૪૫૨ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલની ફરિયાદ ફરિયાદીએ રાજકોટ પો.સ્ટે. માં નોંધાવેલ છે. જે ફરિયાદીની ફરિયાદના આધારે, પોલીસ સ્ટેશનના અધિકારીએ ફોજદારી કામ ચલાવવાની રીત બાબતના કાયદાની કલમ -૧૫૪મી કલમની રૂએ પોલીસ થાણા ઉપર આપેલી કોગ્નિઝેબલ ગુન્હાની પહેલી ખબર(એફ.આઈ.આર.) ગાંધીગ્રામ પો. સ્ટે. ફ.ગુના રજી. નં.૨૧૪/૨૦૦૪ થી નોંધી આરોપી સામે ઉપર મુજબનો ગુનો દાખલ કરેલ છે.

૨. આ કામે આરોપીઓ સામે ઉપર મુજબના ગુના અંગે ફરિયાદી ની ફરિયાદ દાખલ થતા, ફરિયાદના આધારે તેની તપાસ, તપાસ કરનાર અમલદારે કરી, સંબધિત જગ્યાના પંચનામા કરી, લાગતા

વળગતા સાહેદોના નિવેદનો નોંધી, આરોપીઓ સામે પૂરતો પુરાવો મળતા તપાસ કરનાર અધિકારીએ તપાસના અંતે નામદાર ચીફ જયુડી. મેજી. કોર્ટમાં ચાર્જશીટ રજુ કરેલ છે. જે હાલના ફોજદારી કેસ નંબરથી નોંધાયેલ છે. ત્યારબાદ આ કામ નામદાર ચીફ જયુડી. મેજી. કોર્ટના હુકમથી અત્રેની કોર્ટમાં ટ્રાન્સફર થઈને આવેલ છે.

3. સદર કામે આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ કોર્ટમાં રજુ થતા આરોપીને સમન્સ વોરંટ બજાવવા શુધ્ધ બુધ્ધીના પ્રયત્નો કરવા છતાં આરોપીની હાજરી મેળવી શકાયેલ ન હોય અને નજીકના ભવિષ્યમાં પણ આરોપીની જાત હાજરી મળી શકે તેવા સંજોગો જણાતા ન હોય તેથી આરોપી નાસતા ફરતા હોવાનું માનવાને કારણ રહે છે. તેમજ આ કામના જામીનદારને પણ નોટીસ બજી શકતી ન હોય, હાલનો કેસ ખુબજ જુનો હોય આરોપીની ગેરહાજરીમાં ફરીયાદપક્ષનો પુરાવો સુરક્ષીત કરવામાં ન આવે તો તે પછી સાહેદો પણ નહીં મળવાની સંભાવના રહેલ હોય જેથી ફરીયાદપક્ષનો પુરાવો સુરક્ષીત કરી લેવાનું ન્યાયોચિત જણાય છે. જેથી ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૯૯(૧) અન્વયે હાલના કેસના આરોપીની ગેરહાજરીમાં સદર કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ આંક–૧ નીચે કરવામાં આવેલ છે. ત્યારબાદ આ કામ ફરીયાદપક્ષના પુરાવા માટે મુલત્વી રાખવામાં આવેલ.

૪. ત્યારબાદ આ કામે ફરીયાદ પક્ષે નીચે મુજબનો મૌખીક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલો છે.

**–: <u>મૌખીક તથા દસ્તાવેજી પુરાવો</u> :–**

| <u>ક્રમ</u> | <u>વિગત</u> | <u>આંક</u> |
|---|---|---|
| ૧ | પંચ સાહેદ કનુભાઈ ઘુસાભાઈ આહીર ની જુબાની | ૪ |
| ૨ | સ્થાનીક જગ્યાનું પંચનામું | ૫ |
| ૩ | ફરિયાદી કિશોરભાઈ વીઠલદાસ સંપટ ની જુબાની | ૬ |
| ૪ | ફરિયાદ | ૭ |
| ૫ | સાહેદ ડીમ્પલબેન કિશોરભાઈ સંપટ ની જુબાની | ૮ |

૫. ઉપર મુજબનો મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કર્યા બાદ પડેલ પુરાવાને આધારે આ કામના આરોપીનું ક્રિ.પ્રો.કોડની કલમ ૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવા બાબતે આરોપી મળી આવતા ન હોય ક્રી.પ્રો.કોડ ની કલમ–૨૯૯ મુજબ આરોપીની ગેરહાજરીમાં કેસ ચલાવવાનો હુકમ થયેલ હોય, આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

૬. ફરિયાદપક્ષે રજૂ થયેલ ઉપરોકત તમામ મૌખીક પુરાવા તથા દસ્તાવેજી પુરાવા ઘ્યાને રાખતા આ કેસના ન્યાયીક નિર્ણય અર્થે નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.

**મુ દા ઓ :–**

૧. શું ફરિયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરે છે, તા.૮/૬/૨૦૦૪ ના સાંજના સાતેક વાગ્યાના અરસામા સુભાષનગર શેરી નં.૧૦, ધ્વારકેશ મકાન, રાજકોટ મુકામે આ કામના ફરિયાદી કિશોરભાઈ વિઠલદાસ સંપટ ની પુત્રી સાહેદ ડીમ્બીને કિશોરભાઈ સંપટ ઉ.વ.૧૪ ની ઘરે એકલી હોય ત્યારે આરોપીએ ફરિયાદીના ઘરમાં ગેરકાયદેસર ગૃહપ્રવેશ કરી, શરીરે અડપલા કરી, શારીરિક છેડછાડ કરી ઈ. પી. કોડ કલમ–૩૫૪, ૪૫૨ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

૨. શું હુકમ ?

**૭.** ઉપરોકત મુદાઓ અંગેના મારા નિર્ણયો તથા કારણો નીચે મુજબ છે.

૧. નકારમા.

૨. આખરી હુકમ મુજબ.

**<u>-: કા ર ણો :-</u>**

૮. ઉપરોકત મુદૃાના જવાબો માટેના મારા કારણો નીચે મુજબ છે.

**<u>મુદૃા નં.૧ :-</u>**

૯. ફરિયાદ પક્ષે આંક–૪ થી પંચ સાહેદ કનુભાઈ ઘુસાભાઈ ડવ

ને તપાસતા તેઓ પંચનામામાં પંચ તરીકે પોતાની સહી ઓળખી બતાવેલ છે જે સ્થાનીક જગ્યાનું પંચનામુ આંક–૫ થી રજુ થયેલ છે. પરંતુ તે સિવાયની પંચનામાની લેશમાત્ર હકીકતને સમર્થન આપેલ નથી અને આ સાહેદને વિ.એ.પી.પી.શ્રીની વિનંતીથી ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસ કરવા છતાં તેમણે પંચનામાની હકીકતોને સમર્થન આપેલ નથી અને આરોપીને બચાવવા ખોટી જુબાની આપે છે તેનો ઈન્કાર કરેલો છે. આમ, ફરીયાદપક્ષે પંચનામાની હકિકતને પંચ સાહેદોના પુરાવાથી સમર્થન મળેલ નથી. તેથી ફરીયાદપક્ષ પંચનામાની હકિકતો પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ છે.

૧૦. ફરિયાદપક્ષે આંક–૬ થી ફરિયાદી કિશોરભાઈ વિઠલદાસ સંપટ સોગંદ ઉપર જુબાનીમાં જણાવે છે કે, આ કામના સાહેદ ડીમ્પલબેન કીશોરભાઈ સંપટ મારી દીકરી થાય છે અને તે હાલ અમદાવાદ મુકામે સાસરે છે હાલના બનાવ સમયે મારી દિકરી ડીમ્પલની ઉમર ૧૪ વર્ષની હતી હાલના બનાવમાં આ કામના આરોપી એ મારી દીકરીને અડપલા કરેલ હોય અને તે બાબતે અમોએ તથા સોસાયટીના લોકોએ નક્કી કરી આરોપી જેન્તીભાઈના વિરુધ્ધ પોલીસમાં ફરીયાદ આપેલ હતી મને આ કામની એફ.આઈ.આર બતાવવામાં આવે છે જે મારા લખાવ્યા મુજબ ની છે જે ફરિયાદ આંક–૭ થી રજુ છે. હાલ મારી દીકરી સાસરે છે અને તે ગર્ભવતી હોવાથી નામદાર કોર્ટ સમક્ષ હાજર રહી રુબરુ જુબાની આપી શકે તેમ નથી. બનાવ સમયે મારી દીકરી સવાલ જવાબ સમજી શકે તેટલી

સમજદાર હોય પોલીસે તપાસના કામે તેનું નિવેદન નોંધેલ.હાલ મારી દીકરી સાથે વાતચીત થયા મુજબ તે પોતે કે હું હાલનો કેસ આગળ ચલાવવા માંગતા નથી કે વધુ કોઈ સાહેદ પુરાવા રજુ રાખવા માંગતા નથી.જે તે સમયે આરોપી જેન્તીભાઈએ અમારી તથા મારી દિકરીની માફી માંગી લીધેલ જેથી અમારે ફરીયાદ મુજબ આગળ કાર્યવાહી કરવી નથી.આ કામે સી.આર.પી.સી કલમ ૨૯૯ મુજબનો હુકમ કરવામાં આવેલ હોય આરોપીની ગેરહાજરીમાં પુરાવો નોંધવામાં આવેલ છે.

**૧૧.** ફરિયાદપક્ષે આંક–૮ થી સાહેદ ડીમ્પલબેન કિશોરભાઇ ભટ્ટ સોગંદ પર જુબાનીમા જણાવે છે કે, હાલનો બનાવ આશરે વિસેક વર્ષ પહેલા બનેલ તે વખતે મારી ઉંમર આશરે ૧૪ વર્ષની હતી જે તે વખતે હું ઘરે એકલી હતી તે વખતે મારા પાડોશમાં રહેતા જેન્તીભાઈ અમારા ઘરે આવેલ અને મારી સાથે અજુગતુ વર્તન કરેલ જે બાબતે મે મારા પિતાને જાણ કરતા તેઓએ અમારા આડોશ પાડોશના લોકો સાથે વાતચીત કરી જેન્તીભાઈ સામે પોલીસમાં ફરીયાદ આપેલ.જે ફરીયાદના અનુસંધાને પોલીસે મારુ પણ નિવેદન નોંધેલ.જે ફરીયાદ મુજબ હાલ હું કે મારા પિતા હાલનો કેસ આગળ ચલાવવા માંગતા નથી કે કોઈ વધુ સાહેદ પુરાવા રજુ કરવા માંગતા નથી. હું હાલ અમાદવાદ મુકામે મારા સાસરે છું હું હાલનો કેસ આગળ ચલાવવા માંગતી ન હોવાનુ આપ નામદાર કોર્ટ સમક્ષ જાહેર કરુ છું. આ કામે સી.આર.પી.સી કલમ ૨૯૯ મુજબનો હુકમ કરવામાં આવેલ હોય આરોપીની ગેરહાજરીમાં પુરાવો નોંધવામાં આવેલ છે.

## -: પુરાવાનુ મુલ્યાંકન :-

**૧૨.** આમ, આ કામે રજુ થયેલ પુરાવાની હકીકતો જોવામાં આવે તો હાલના કામે ફરિયાદી કિશોરભાઈ સંપટ કે જેઓએ આરોપી સામે હાલના ગુનાની ફરિયાદ નોંધાવેલ છે તેમનો પુરાવો આંક-૬ જોવામાં આવે તો ફરિયાદમાં તેમની સહી ઓળખી બતાવે છે અને આરોપી સામે ફરિયાદ નોં ધાવેલ હોવાનું સ્વીકારે છે પરંતુ હાલનો કેસ આગળ ચલાવવા માંગતા ન હોવાનું જણાવે છે અને તેમની દિકરી ભોગ બનનાર ડીમ્પલબેન પણ જે સાસરે છે તેઓ પણ આ કેસ આગળ ચલાવવા માંગતા નથી તેમ જણાવે છે. તેમજ આંક-૮ થી સાહેદ ડીમ્પલબેન સંપટ નો પુરાવો જોતા તેઓ આ કેસ આગળ ચલાવવા માંગતા નથી તેમ જણાવે છે તેમજ હાલ અમદાવાદ મુકામે સાસરે રહે છે અને ગર્ભવતી હોવાનું જણાવે છે તેમજ આ કામે વધુ સાહેદો તપાસવા નથી કે આ કેસ આગળ ચલાવવા માંગત નથી તેમ જણાવે છે તેમજ આ કામે પંચ સાહેદ હોસ્ટાઈલ જાહેર થયેલ છે. આમ સદરહુ ફરિયાદી સાહેદના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો તેઓએ આ ગુના સબંધે સબંધીત પો. સ્ટે. માં ફરિયાદ નોંધાવેલ છે અને તેઓની ફરિયાદના આધારે તપાસ કરનાર અધિકારીએ તપાસના કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધી તથા પંચનામા કરી તપાસના અંતે આરોપી વિરુધ્ધ ઉપરોકત ગુનાનું ચાર્જશીટ કરેલ છે.તેઓ

ખુદ આરોપી તેમની આ કેસ આગળ ચલાવવા માંગતા નથી અને ફરિયાદ હકીકતનો ઈન્કાર કરેલ છે ત્યારે ફરિયાદપક્ષનો સમગ્ર કેસ નિષ્ફળતામાં પરિણમે છે. આમ, હાલના કામે ફરિયાદપક્ષે ઉપરોકત રજુ થયેલ તમામ મૌખીક પુરાવો તથા દસ્તાવેજી પુરાવો જોતા ફરિયાદપક્ષે  આરોપી સામેનો તહોમત મુજબનો કેસ અને આક્ષેપીત ગુનાના આવશ્યક તત્વો જુબાની જોતા પરીપૂર્ણ થતા નથી તે સંજોગોમા ફરિયાદપક્ષ આરોપી સામેનો તહોમત મુજબનો કેસ પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ ગયેલ હોય મુદ્દા નંબર–૧ "નકારમાં" નિર્ણિત કરી મુદ્દા નંબર–૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**:: હુ ક મ ::**

આ કામના આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ–૨૪૮(૧) અન્વયે ઈ.પી. કોડ કલમ–૩૫૪, ૪૫૨ મુજબના શિક્ષાપાત્ર ગુનાના કામે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આ કામના આરોપીના અગાઉના જામીન અપીલ સમય સુધી રાખવામાં આવે છે.

ચૂકાદો આજ તા.૩૧, માહે જુલાઈ સને ૨૦૨૫  નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી  સંભળાવી જાહેર કર્યો.

તા.૩૧–૭–૨૦૨૫<br>
સ્થળ:– રાજકોટ

**(સોહેલ અનવર મીયા શેખ)**<br>
૧૬માં એડી. ચીફ જયુડી. મેજી.<br>
**(GJ 0 1340)**